# ગુજરાત સરકાર

## રાજ્યની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરની માનદ સેવાઓ આમંત્રિત કરવા અંગે

રોજગાર અને તાલીમ ખાતાના નિયંત્રણ હેઠળની બનાસકાંઠા જિલ્લાની તાલીમ સંસ્થાઓ ઔદ્યોગિક તાલીમ સંસ્થા (૧) પાલનપુર (૨) કુંભારીયા (૩) ડીસા (૪) થરાદ (૫) અમીરગઢ (૬) વડગામ (૭) વાવ (૮) દાંતીવાડા (૯) ધાનેરા (૧૦) ભાભર (૧૧) કાંકરેજ (૧૨) દિયોદર (૧૩) લાખણી (૧૪) સુઈગામ (૧૫) જીઆઈએ મડાણા-ગઢ (૧૬) જી.આઈ.એ. પાંથાવાડા (૧૭) જી.આઈ.એ. ભાભર પરિવર્તન (૧૮) જી.આઈ.એ. ચંડીસરમાં જુદા જુદા NCVT / GCVT વ્યવસાયોમાં સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરની નિયમિત જગ્યાઓ ન ભરાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થા રૂપે પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર (મુલાકાતી સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર)ની માનદ સેવાઓ માટે રસ ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. પિરીયડ દીઠ રૂ. ૭૫/- લેખે મહત્તમ દૈનિક પિરીયડ ૬ કલાક લેખે મહત્તમ દૈનિક માનદ વેતન રૂ. ૪૫૦/- ના દરે માસિક રૂ. ૧૩,૫૦૦/- થી વધુ નહીં તે રીતે માનદ વેતન ચૂકવવામાં આવશે. ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાત અનુભવ સાથેની વિગતવાર અરજી તથા તમામ આધારભુત પુરાવાઓ રજુ કરવાના રહેશે. અરજી ફોર્મમાં સંપર્ક નંબર આપવો ફરજીયાત રહેશે. લાયકાત ધોરણો NCVT / GCVT દ્વારા નિયત થયેલ જે તે ટ્રેડના સીલેબસ મુજબ તથા ખાતાના પ્રવર્તમાન ભરતી નિયમો મુજબ રહેશે. આથી લાયકાત ધરાવતા ઉમેદવારોએ નીચે દર્શાવેલ સરનામે સંસ્થાનો રૂબરૂ સંપર્ક કરવા વિનંતી. CITS પાસ ઉમેદવારોને મેરીટમાં પ્રાધાન્ય આપવામાં આવશે.

આ સંપુર્ણ પ્રક્રિયા મેરીટ આધારીત રહેશે. પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર તરીકે આવનાર ઉમેદવારોનો કોઈ અન્ય સેવા વિષયક હક્ક દાવો રહેશે નહિ તે મુજબનું લેખિતમાં એફીડેવીટથી બાંહેધરી પત્ર આપવાનું રહેશે. સંસ્થાવાઈઝ / ટ્રેડવાઈઝ પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર (મુલાકાત સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર)ની માનદ સેવાઓ (Honorarium) લેવા અંગેની વધુ વિગતો ઔદ્યોગિક તાલીમ સંસ્થા, પાલનપુરની વેબસાઈટ *www.palanpuriti.org* ઉપરથી ઉપલબ્ધ બનશે તથા દૂરભાષા નંબર - ૦૨૭૪૨- ૨૫૨૨૫૦ ઉપર સંપર્ક કરવાથી મેળવી શકાશે. પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરની અરજીનો નમુનો તથા જરૂરી લાયકાત અંગેના ભરતી નિયમો આ સાથે વેબ સાઈટ ઉપર મુકેલ છે. જે ડાઉનલોડ કરી જરૂરી પ્રમાણપત્રો સાથે સેલ્ફ એટેસ્ટેડ કરી સાથે બિડાણ કરવાના રહેશે.

**નોંધ :- ઉમેદવારો ઉપરોકત સંસ્થાઓ પૈકી કોઈપણ સરકારી સંસ્થા ખાતેથી અરજીનો નમૂનો લઈ શકશે તેમજ બીડાણો સહિત અરજી જમા કરાવી શકશે.**

૧. સંસ્થામાં રૂબરૂ અરજી આપવાની અથવા રજી. એ.ડી.થી પહોંચાડવાની છેલ્લી તા. ૨૧/૧૧/૨૦૧૬
૨. રૂબરૂ મુલાકાતનું સ્થળ / સરનામું : આચાર્યશ્રીની કચેરી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, પાલનપુર, બનાસ ડેરી રોડ, પાલનપુર, જી. બનાસકાંઠા પીનકોડ- ૩૮૫૦૦૧
૩. રૂબરૂ મુલાકાતની તા. ૨૮/૧૧/૨૦૧૬
૪. રૂબરૂ મુલાકાતનો સમય : ૧૧.૦૦

**આચાર્યશ્રી**
**નોડલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા,**
**પાલનપુર, જી. બનાસકાંઠા**

**ક્રમાંક : નામાનિ/પાલન/૩૬૭/૨૦૧૬-૨૦૧૭**